| PUBLICATION NAME : | Ahmedabad Express |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 09/10/2023 |
| PAGE : | 2 |

# હિમાચલ પ્રદેશના માનનીય રાજ્યપાલે ઈડીઆઈઆઈ ખાતે 'અમૃત કાલ કા ભારત' પર વિશેષ પ્રવચન આપ્યું

અમદાવાદ, તા. 08

હિમાચલ પ્રદેશના માનનીય રાજ્યપાલ શ્રી શિવ પ્રતાપ શુક્લાએ રવિવાર, 8મી ઓક્ટોબરે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે 'અમૃત કાલ કા ભારત પર વિશેષ પ્રવચન આપ્યું હતું. ઈન્ડિયા થિંક કાઉન્સિલના સહયોગથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈન્ડિયા), અમદાવાદ દ્વારા વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈના ગવર્નિંગ બોર્ડ મેમ્બર અને ડીઆઈસીસીઆઈના ફાઉન્ડર ચેરમેન ડો. મિલિંદ કાંબલે અને ઈન્ડિયા થિંક કાઉન્સિલના ડિરેક્ટર શ્રી સૌરભ પડિ અને અન્ય મહાનુભાવો આ ઈવેન્ટ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. અમૃત કાળના ભારતમાં ઉદ્યોગસાહસિકતાની નિર્ણાયક ભૂમિકા વિશે બોલતા, શ્રી શિવ પ્રતાપ શુક્લાએ કહ્યું, "ભારત માત્ર એક બજાર નથી, તે નવીનતાનું સ્થળ છે. નાણાંકીય ક્રાંતિ, શિક્ષણમાં સફળતા, કરવેરા ક્રાંતિ, સર્વસમાવેશક વૃદ્ધિ પર ભાર એ ભારત સરકારની કેટલીક સિદ્ધિઓ છે. લોકોની મૂળભૂત સમસ્યાઓને સમજ્યા પછી અને પાયાની જરૂરિયાતો પૂરી થાય તે સુનિશ્ચિત કરીને પાયાના લોકો સુધી પહોંચવાની ભારત સરકારની કામગીરી ખૂબ જ પ્રશંસનીય છે. વિકાસની આ પ્રક્રિયાને સ્વીકારવા અને તેમાં ભાગ લેવા બદલ હું લોકોની પણ પ્રશંસા કરું છું. અમારી સિદ્ધિઓ દેશની સિદ્ધિઓ સાથે સુસંગત થઈ રહી છે અને હું માનું છું કે આ જ અમૃત કાળ છે. આંત્રપ્રિન્યોરશિપ વિશે વાત કરતાં હું કહીશ કે, તે સમૃદ્ધ અર્થતંત્રની કરોડરજ્જુ છે. તે નવીનતા, જોખમ લેવાની ભાવના અને કંઈક નવું અને મૂલ્યવાન બનાવવાની ઝંખનાને મૂર્ત બનાવે છે. અમૃત કાળ યુવાનો, મહિલાઓ, કારીગરો અને નાગરિકોને આધુનિક ડિજિટલ ટેકનિક્સ અને વૈશ્વિક બજારોમાં પ્રવેશ સાથે સશક્ત અને કુશળ સેગમેન્ટમાં જોવા માટે ઉત્સુક છે."




પોતાના પ્રારંભિક વક્તવ્યમાં ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "ભારતની પ્રગતિશીલ નીતિઓ અને પહેલ ગેમ ચેન્જર્સ છે. તેઓ દેશને અનેક મોરચે આગળ લઈ જઈ રહ્યા છે. ઈડીઆઈઆઈ અમૃત કાળના ભારતના વિઝનને અનુરૂપ કામ કરી રહી છે. ઈડીઆઈઆઈના કાર્યક્રમો અને વિવિધ સરકારી વિભાગો અને મંત્રાલયો સાથેના સહયોગમાં તેની કામગીરી યુવાનો, મહિલાઓ, કારીગરો, ટેક્નોલોજિસ્ટ્સ, હાલના ઉદ્યોગસાહસિકો અને અન્ય કેટલાક લક્ષ્ય ગ્રુપ્સ માટે તકોનું સર્જન કરે છે. ઈડીઆઈઆઈ વિકસિત અને સશક્ત ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે."